HARIVANDANA
EDUCATION TRUST

**HARIVANDANA College**

(Affiliated to Saurashtra University)

તારીખ: ૩૧–૦૮–૨૦૨૨, બુધવાર

**માત્ર SY અને TYના વિદ્યાર્થીઓ માટે**

# MYSY અંતર્ગત સ્કૉલરશિપ રિન્યૂઅલ અરજી માટેની સૂચના

આથી **હરિવંદના કોલેજના** તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે ચાલુ શૈક્ષણિક વર્ષ **૨૦૨૨–૨૩ માટે રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત** વિવિધ શિક્ષણ સહાય આપવામાં આવે છે. આ સહાય મેળવવા માટે વિદ્યાર્થીએ https://mysy.guj.nic.in પર રિન્યૂઅલ અરજી કરવાની રહે છે. વિદ્યાર્થીએ પોર્ટલ પર રિન્યૂઅલ અરજી કરવા માટે કોલેજ તરફથી બોનાફાઇડ સર્ટિફિકેટ, રિન્યૂઅલ અરજી માટેનું પ્રમાણપત્ર તથા ફી સ્ટ્રક્ચર તા. **૦૧–૦૯–૨૦૨૨, ગુરુવાર થી ૧૫–૦૯–૨૦૨૨, ગુરુવાર સુધીમાં લઈ, તેમાં સંપૂર્ણ વિગતો ભરી** આચાર્યશ્રીના સહી સિક્કા કરવા માટે  કોલેજના એડમીન વિભાગમાં **સવારે ૧૦:૩૦ થી ૦૧:૦૦ સુધીમાં** આપી જવાનું રહેશે. પોર્ટલ પર તમામ ડોક્યુમેંટ્સ અપલોડ કરી, એપ્લિકેશન લોક કરી, અરજી ફોર્મની પ્રિન્ટ નીચે જણાવેલ તમામ ડોક્યુમેંટ્સની ઝેરોક્ષ વિદ્યાર્થીએ સહી કરી **તા. ૧૫–૦૯–૨૦૨૨, ગુરુવાર થી તા. ૩૦–૦૯–૨૦૨૨, શુક્રવાર સુધીમાં વેરિફિકેશન માટે** કોલેજના એડમીન વિભાગમાં **સવારે ૧૦:૩૦ થી ૦૧:૦૦ સુધીમાં** આપી જવાનું રહેશે.

**ખાસ નોંધ: MYSY** અંતર્ગત રાજ્ય સરકાર તરફથી સ્કૉલરશિપ મેળવવા પોર્ટલ પર લોક કરેલ અરજીની પ્રિન્ટ તથા **નીચે દર્શાવેલ તમામ ડોક્યુમેંટ્સની ઝેરોક્ષ** વિદ્યાર્થીએ **કોલેજમાં ફરજિયાત જમા કરાવવાની રહેશે**. અરજી ફોર્મ કે ઝેરોક્ષ જમા કરાવ્યા વિના કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને વેરિફિકેશન કરી આપવામાં આવશે નહીં. **ગત વર્ષમાં** જે વિદ્યાર્થીઓએ **MYSY પોર્ટલ** પર **અરજી કરી સ્કૉલરશિપ મેળવેલ હોય માત્ર તે વિદ્યાર્થીઓ જ આ રિન્યૂઅલ અરજી કરી શકે છે.** વધુ વિગતો માટે https://mysy.guj.nic.in પોર્ટલ પર મુકેલ ગાઈડલાઈન્સ જરૂર ચકાસવી. જેની સૌ ખાસ નોંધ લેશો.

## MYSY અંતર્ગત સ્કૉલરશિપની રિન્યૂઅલ અરજી માટેના સ્વપ્રમાણિત ડોક્યુમેંટ્સ ની યાદી

૧. નિયત નમૂનાનું **રિન્યૂઅલ અરજી માટેનું તમામ જરૂરી વિગતો ભરેલું ફોર્મ** (વાલી તથા વિદ્યાર્થીની સહી સાથે)
૨. રિન્યૂઅલ અરજી માટેનું **કોલેજનું આચાર્યશ્રીના સહી સિક્કા વાળું પ્રમાણપત્ર** તથા **ફી સ્ટ્રક્ચર**
૩. છેલ્લે **પાસ કરેલ પરીક્ષાની માર્કશીટની ઝેરોક્ષ** (**પાસ કરેલ તમામ સેમેસ્ટરની ઝેરોક્ષ**)
૪. **શાળા છોડયા પ્રમાણપત્ર** (લિવિંગ સર્ટિફિકેટ) ની **ઝેરોક્ષ**
૫. **વિદ્યાર્થી** તથા **પિતાના**/વાલીના **આધાર કાર્ડની ઝેરોક્ષ**
૬. **રેશન કાર્ડની ઝેરોક્ષ** (પ્રથમ પાનું તથા સભ્યોની વિગત દર્શાવતું પાનું) (માત્ર હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ માટે)
૭. ચાલુ શૈક્ષણિક વર્ષની **ફી રીસિપ્ટની ઝેરોક્ષ તથા** ગત વર્ષની **પૂરી ફી રિસીપ્ટની ઝેરોક્ષ (રેવન્યુ સ્ટેમ્પ લગાવેલ)**
૮. આધાર કાર્ડ લિન્ક કરાવેલ **વિદ્યાર્થીના** બેંક ખાતાની **પાસબૂકની ઝેરોક્ષ**
૯. પિતા/વાલીના **આવકના તાજેતરનાં દાખલાની ઝેરોક્ષ**
૧૦. વાલીના છેલ્લા **IT RETURN** ની ઝેરોક્ષ **અથવા** આવકવેરા પાત્ર ન થતી આવકનું **સેલ્ફ ડિકલેરેશન** અને **પિતાનું પાનકાર્ડ**
૧૧ . જ્ઞાતિનું પ્રમાણપત્ર (માત્ર **SC/ST/OBC કટેગરીના વિદ્યાર્થીઓ માટે** જ)
૧૨. પિતા / વાલીનું  શિષ્યવૃત્તિ મેળવવા માટેનું સેલ્ફ ડિકલેરેશન
૧૩. વિદ્યાર્થીના **આઈ–કાર્ડની ઝેરોક્ષ** તથા **કોલેજ તરફથી આપેલ બાંહેધરી પત્રક** (વાલી તથા વિદ્યાર્થીની સહી સાથે)

**પ્રિન્સિપાલ, હરિવંદના કોલેજ**